|| ધર્મો રક્ષતિ રક્ષિતઃ ||

|| શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-ચન્દ્રશેખર-વિમલકીર્તિ ગુરૂભ્યો નમઃ ||



# તપોવન પર્યુષણ આરાધના

## (અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ - અમદાવાદ અને સુરત)

**દિવ્ય આશિષદાતા**

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં.પ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સાહેબ "ગુરુમા"**

**માર્ગદર્શક**

સંસ્કરણશિલ્પી બંધુબેલડી પૂ.આ.ભ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સાહેબ** • પૂ.આ.ભ. **શ્રી ભવ્યકીર્તિસૂરીશ્વરજી મ.સાહેબ**

# આચાર સંહિતા

- પૂ.ગુરુમાના આદર્શો તેમજ પૂ.બંધુબેલડી આચાર્ય ભગવંતની ઈચ્છાઓને સતત ધ્યાનમાં રાખવી.
- પોતાના ઉંચા આચારો વડે લોકોને પ્રભાવિત કરવા. તેમાં ઢીલાશ ન ચાલે.
- આંખો ચોક્ખી જોઈએ, ભાષા પ્રેમાળ જોઈએ અને વર્તન નમ્ર જોઈએ.
- શ્રીસંઘના ટ્રસ્ટીઓ-કાર્યકર્તાઓ સાથે સંબંધ ક્યારેય બગાડવો નહીં.
- શ્રીસંઘ તરફથી અપેક્ષિત સહકાર ન મળે તો ક્લેશ ન કરવો. ગમ ખાઈને પણ આરાધના પૂર્ણ કરાવવી. અહીં આવીને તેનો વ્યવસ્થિત રીપોર્ટ આપવો. જેથી ભવિષ્ય માટે વિચાર થઈ શકે. પણ ત્યાં ચર્ચા-નિંદા-ક્લેશ વગેરે દ્વારા વાતાવરણ ન ડહોળાય તેની તકેદારી રાખવી.
- શ્રી સંઘે કરેલ વ્યવસ્થા મુજબ યોગ્ય મકાનમાં રહેવું. જમવા જવાનું થાય ત્યારે મર્યાદાપૂર્ણ વ્યવહાર રાખવો. તબિયત વગેરેના કારણ સિવાય કોઈ વસ્તુની સામેથી માંગણી ન કરવી.
- વિજાતીય વ્યક્તિ સાથે સંપર્ક ન રાખવો. જાહેરમાં બે-ચાર વ્યક્તિની હાજરીમાં જરૂર પડે તો નીચી નજરે જવાબ આપવો પણ બને ત્યાં સુધી દૂર રહેવું.
- ટીમના દરેક સભ્યોએ પરસ્પર સુંદર ભાઈચારો રાખવો. પરસ્પરનો વ્યવહાર પ્રેમાળ જોઈએ. બોલાચાલી ન કરવી.
- મોટાએ નાનાઓને પ્રેમથી રાખવા. દાદાગીરી કે ઓર્ડર ના કરવા. નાનાઓને પણ પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો કરવા, શીખવવું.
- નાનાઓએ પણ મોટાઓની મર્યાદા સાચવવી. મોટાની ભૂલ થતી હોય તો ખાનગીમાં શાંતિથી વાત કરવી, પણ ભાઈચારો તોડવો નહીં. જો તેઓ સ્વીકારે નહીં તો તે વખતે ગમ ખાવી. પછી આવીને સંસ્થામાં જાણ કરવી.
- ફરજીયાતપણે ઝભ્ભો અને લેંઘો પહેરવાનો રહેશે.
- પ્રવચનના સમયે કોઈપણ આરાધકે રૂમમાં કે બીજી જગ્યાએ જવું નહીં, પ્રવચનમાં સંપૂર્ણ હાજરી આપવી.
- પ્રવચન દરમિયાન સામાયિક કરવી.
- પ્રતિક્રમણ ઉભા ઉભા જ કરવું તેમજ શ્રી સંઘના સભ્યો સાથે જ કરવું.
- ચપ્પલનો ઉપયોગ કરવો નહીં.
- પર્યુષણ દરમિયાન લીલોતરી, અભક્ષ્ય, ફ્રિઝની વસ્તુ, સચ્ચિત ફ્રૂટ, બહારની મીઠાઈ, બહારના ફરસાણ, ઠંડા પીણાનો સદંતર ત્યાગ કરવો.
- ઓછામાં ઓછું બિયાસણું કરવું ફરજીયાત છે.
- બિનજરૂરી કોઈપણ વ્યક્તિનો મોબાઈલ નંબર લેવો નહીં કે આપવો નહીં.
- ફિલ્મના ગીતો વગાડવા નહીં કે પછી સાંભળવા નહીં. TV/Mobile માં Video વિગેરે જોવાનું ટાળવું.
- કોઈ પણ વ્યક્તિ સાથે બિનજરૂરી વાતો કે ગપ્પા, મસ્તી વિગેરે કરવી નહીં.
- પર્યુષણ પૂરા થયા પછી જે તે ગામ શહેરમાં ફિલ્મ જોવા કે પછી ફરવા માટે શ્રીસંઘના કોઈ પણ સભ્ય સાથે જવું નહીં.
- કોઈ પણ વ્યક્તિને ભેટ સોગાદો (ગીફ્ટ, ચોકલેટ વિગેરે) આપવી કે લેવી નહીં.
- પર્યુષણ પૂરા થયા બાદ દરેક આરાધકે ફરજીયાતપણે સહઆરાધકનો રીપોર્ટ આપવાનો રહેશે. તેમાં ઉપર મુજબનાં નિયમોનું પાલન થયું છે કે નહીં તે જણાવવાનું રહેશે.
- તપોવનનાં બાળકોને સાથે રાખીને પર્યુષણપર્વની આરાધના કરવી તેમજ કરાવવી.
- તપોવન સંસ્થાનું નામ બગડે એવું કોઈ પણ કૃત્ય આરાધકે કરવું નહીં.
- સંઘની પ્રણાલિકાઓ શક્ય ત્યાં સુધી ક્યારેય તોડવી નહીં. સમજ આપી શકાય.
- ભાવના, પ્રતિક્રમણ આદિમાં સ્તવન, સજ્ઝાય વિગેરે ફિલ્મના ગીતોના રાગમાં ના ગાવા.

# પર્યુષણ પર્વની આરાધના કરવા જનારા ભાઈઓને માર્ગદર્શન

- **પર્યુષણ પર્વના અગાઉના દિવસે રાત્રે શ્રી સંઘની મીટીંગ કરી, નીચેની બાબતો અંગે માર્ગદર્શન આપવું.**
  - હંમેશ સવારે પ્રતિક્રમણ, વ્યાખ્યાન, પ્રથમ ત્રણ દિવસ બપોરે એક કલાક ધર્મગોષ્ઠી, સાંજે પ્રતિક્રમણ ને રાત્રે શક્ય હોય તો ભાવના, આ અંગેનો સમય શ્રીસંઘના ભાઈઓને પૂછી નિશ્ચિત કરી, તમામ કાર્યક્રમો બોર્ડ ઉપર લેખિત જણાવવા.
  - આઠે દિવસના તમામ કાર્યક્રમોમાં દરેક લોકો સમયસર હાજર રહે તથા આરાધનામાં જોડાય તેવી પ્રેરણા કરવી.
  - જો ગામમાં સાધ્વીજી મ.સા. હોય તો બહેનોએ વ્યાખ્યાન સાંભળવા તેમજ પ્રતિક્રમણ કરવા તેમની પાસે જ જવાનું છે તેની જાણ કરી દેવી.
  - જયણાપૂર્વક દરેક કાર્યમાં જાગૃત રહેવું.
  - યથાશક્તિ છટ્ઠ, અઠ્ઠમ તપ કરવા પ્રેરણા કરવી.
  - નાનામાં નાના પાપથી બચવા માટે જાગૃત રહેવું.
  - પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાએ આઠ દિવસ અવશ્ય જિનપૂજા કરવા તેમજ ઓછામાં ઓછા નવકારશીનું પચ્ચક્ખાણ તેમજ રાત્રિભોજનનો ત્યાગ કરવા આગ્રહ રાખવો.
- સાધર્મિક ભક્તિરૂપે માત્ર તિલક કરાવવું અને શ્રીફળ લેવું, તે સિવાય કાંઈપણ લેવું નહીં. બહુમાનપત્ર આપવામાં આવે તો પણ ન લેવું તથા જમવા માટે કોઈના ઘરે જાવ તો પણ તેમજ કરવું.
- પ્રતિક્રમણ આદિ ક્રિયા આપણે તથા શ્રી સંઘે ઉભા ઉભા કરવાની પ્રેરણા કરવી તેમજ ચરવળા સાથે લાવવા.
- સ્વપ્નની ઉપજ સંપૂર્ણ દેવદ્રવ્ય ખાતે જ લઇ જવાની છે તેની જાણ વડીલોને પૂછીને મેળવી લેવી.
- પ્રથમ ત્રણ દિવસ વ્યાખ્યાન વાંચતા પહેલા ત્રણ નવકાર અને છેલ્લે સર્વ મંગલ કહેવું. ચોથા દિવસથી કલ્પસૂત્ર વાંચન વખતે શરૂઆતમાં ને છેલ્લે ત્રણ-ત્રણ નવકાર ગણવા પરંતુ છેલ્લા વ્યાખ્યાને સર્વ મંગલ કહેવું.
- દરરોજ વ્યાખ્યાનનું વાંચન પૂર્ણ કરીને સર્વ મંગલ કરતાં પહેલા "જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ બોલાયું હોય તો મિચ્છા-મિ-દુક્કડમ્" બોલી દેવું.
- પાટ ઉપર કોઈએ બેસવાનું નથી. પણ પાટલા ઉપર થોડા ઉંચા આસને બેસવું. વ્યાખ્યાન વખતે સામાયિકના કપડામાં જ બેસવાનું.
- વાંચન વખતે થૂંક ન ઉડે એ માટે રૂમાલ સાથે રાખવો.
- કોઈને વાસક્ષેપ નાખવો નહીં, તપસ્વી જો માંગલિક સંભળાવવાનું કહે તો જ ફક્ત એક અથવા ત્રણ નવકાર સંભળાવવા.
- કલ્પસૂત્ર અને બારસાસૂત્ર વહોરતી વખતે ઉછામણીવાળા ભાઈઓ પાસેથી તે વહોરવા નહીં પણ બાજુમાં રાખેલ બાજોઠ પર પધરાવવા. કલ્પસૂત્ર વાંચન વખતે દીપક અને ધૂપ ચાલુ રાખવા.
- વાંચનમાં રોજ જેટલા પાના વાંચવાના હોય તેટલા પહેલેથી જુદા કાઢીને જ વાંચન કરવું. પ્રત પણ સાથે જ રાખવી.
- શક્ય હોય તો પ્રવચન મોઢે જ આપવું. વાંચી ન જવું.
- ગામમાં જૈનોના કુલ ખુલ્લા ઘરો અંગેની, સાધર્મિક, દેરાસર, મૂળનાયક ભગવાન, ઉપાશ્રય વગેરે અંગેની પૂરતી જાણ મેળવી લેવી. સંઘના રીપોર્ટનું ફોર્મ ભરીને લાવવું.
- આવેશાત્મક બાબતમાં તથા સંઘના મતભેદની બાબતમાં પડવું નહીં.
- સાચા ને સચોટ જવાબ આપી શકાય તેમ હોય તો જ આપવા. નહીંતર પ્રશ્ન લખી લેવા. આ.ભ.ને પૂછવું પડશે એવું કહેવું.
- તિથી અંગેના કોઈપણ પ્રશ્નમાં ચર્ચા કરવી નહીં. બિલકુલ મૌન રાખવું.
- જો ગામમાં પાઠશાળા ન ચાલતી હોય અથવા બરાબર ન ચાલતી હોય તો ચાલુ કરવા અથવા વ્યવસ્થિત ચાલુ રાખવા પ્રેરણા કરવી.
- સમયની અનુકૂળતા હોય તો યુવાનોનું મિલન ગોઠવી ધર્મ સંસ્કારો અંગે પ્રેરણા કરવી.
- વ્યાખ્યાન વાંચન વખતે અનુકૂળતા પ્રમાણે જિનભક્તિ, જિનપૂજા, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, અભક્ષ્ય ત્યાગ, માતાપિતાને વંદન વિગેરે પાયાના ધર્મો ઉપર ખાસ ભાર મુકી પાંચ મિનિટ એ વિચારો આવરી લેવા.
- સાધારણ, દેવદ્રવ્ય, કેસર, સુખડ વગેરે ખાતાઓની સમજ અવસર આવે આપવી.
- બહેનોએ વ્યાખ્યાનમાં ગહુંલી બોલવી નહીં.
- ગામમાં દાખલ થાઓ ત્યાંથી પોતાના ઘરે પાછા ફરો ત્યાં સુધી પ્રણામ, નમોનમઃ નો ખૂબજ છુટથી ઉપયોગ રાખવો.
- સંવત્સરીનાં દિવસે કલ્પસૂત્રની સજ્ઝાયો અથવા ઢાળીયા વાંચ્યા બાદ શ્રીસંઘ સમક્ષ નીચેની બાબતો અંગે પ્રવચન કરવું.
  - અમે કેવી રીતે આ માર્ગે આપની પાસે આવ્યા.
  - ધર્મ પ્રાણદાતા ગુરુમા, બંધુબેલડી આ.ભ.ગુરુજી તથા સંસ્થાના ઉપકારની આછી રૂપરેખા આપવી.
  - શ્રી સંઘમાં કોઈપણ અનુચિત વર્તન, અપશબ્દ બોલાઇ ગયો હોય અથવા જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ બોલાયું હોય તો મિચ્છા-મિ-દુક્કડમ્ કહેવું.

Tapovan Youth Alumni Group **(TYAG)** વતી...

નિહાર ભણસારીઃ +91 94277 17408 હેમંત પંચાલઃ +91 94293 89486 મિત શાહઃ +91 99986 17750 સમકિત ચાવાલાઃ +91 93747 18345

paryushan.guruma@gmail.com

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ, ધારશી સંસ્કૃતિ ભવન, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદનગર પોસ્ટ ઓફિસની નજીક, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

GRAPHICULTURE 70487 55580